



❖ વર્ષ : 33 ❖ અંક : 3 ❖ S.No. : 491
❖ તા.16-6-2026 ❖ જૂન
છૂટક નકલ : રૂા.6/-

## શેરીસા તીર્થ, અમદાવાદ ન્યુ વાસણા સંઘે તથા અકોટા વડોદરામાં થયેલી બાળ સંસ્કરણ શિબિરોની ઝલકો




Motivational Session





બાળ સંસ્કરણ શિબિરના ફનફેર, મ્યુઝિકલ અંતાક્ષરી, IPL વગેરે વિવિધ એક્ટિવિટીઝમાં ઉત્સાહભેર ભાગ લેતા શિબિરાર્થીઓ




બાળ શિબિરમાં સંગીત સાથે ઉત્સાહભેર અષ્ટપ્રકારી પૂજા કરતા બાળકો તથા બાળિકાઓ




એલર્ટ ગ્રુપ તથા બ્રાહ્મીસુંદરી ગ્રુપનું પૂજ્યશ્રીની નિશ્રામાં પારિવારિક મિલન તા.૭-૬-૨૦૨૬




યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન

દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા

લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 33 ❖ અંક : 3
S.No. : 491 ❖ વિ.સં.2082
તા.16-6-2026 ❖ જૂન

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી-મુદ્રક-પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/-
છૂટક નકલ : રૂા. ૬/-


## પ્રાર્થના



જો ભારતની પ્રગતિ કે તમારી પ્રગતિ ન થતી હોય તો તેમાં મુખ્ય કારણ માણસની કામચોરી છે. કામચોરીનો વાવડ સરકારી ખાતાઓમાં તો જબરો જામ્યો છે. એક ફાઈલ ૧૦ વર્ષે પણ ખૂલતી નથી. પ્રજાનાં અનેક કાર્યો વર્ષોના વર્ષો લંબાયા કરે છે. જેલમાં કેદીઓ મરે ત્યાં સુધી કેસો ચાલ્યા કરે છે. નિર્દોષ છૂટી જાય તે પહેલાં જીવનથી છૂટી જાય છે.

ફેમિલીમાં દેરાણી, જેઠાણી કે નણંદ હોય. બધા પોતાના શરીર સાચવીને કામ કરે છે. કામ પડ્યું હોય પણ એકબીજાની રાહ જોયા કરે. ના છૂટકે કામ કરવું જ પડે ત્યારે ઓછામાં ઓછી મહેનતે બબડાટ કરતાં વેઠ વાળી કામ પૂરું કરે છે.

આ દેશ જાણે આળસુઓથી ઊભરાઈ રહ્યો છે. ભીખારીને પણ ફૂટપાથ ઉપર જ ભીખ મળી જતી હોય તો ઘરે ઘરે માંગવા જવાની તસ્દી લેતો નથી.

લોકોમાં સ્ફૂર્તિ, તાજગી, મસ્તી કે થનગનાટ જોવા મળવો દુર્લભ થવા લાગ્યો છે. મશીનોએ પગ પેસારો કરી લોકોને હાથ-પગ હલાવતા બંધ કર્યા છે. દિવસમાં દસવાર ગરમા ગરમ ચાહની ચૂસકીઓ લીધા પછી પણ માણસમાં સ્ફૂર્તિ આવતી નથી. જાણે જીવતાં મડદાં જોઈ લો ! જે ચીજ વપરાય નહીં તે પડી પડી સડી જાય છે. એટલે તો લોકોના શરીરો હવે જાત જાતના રોગોથી સડી રહ્યા છે. રોગોથી ખદબદી રહ્યા છે. તેનું સાચું કારણ કામચોરવૃત્તિ છે. કોઈને કામ કરવું નથી પણ પૈસા બધાને જોઈએ છે.

## સંવેદના

સ્વાધ્યાય એટલે શું ? તે આત્મ હિતકારી ક્યારે બને ?

શાસ્ત્રોમાં, પુસ્તકોમાં, અભ્યાસ કાળમાં વાંચેલી સારી-નરસી ઘટનાઓ, ગુણ-દોષના વર્ણનો, ઉત્કૃષ્ટ ગુણો કે ભયંકર દોષોને લઈ બેઠેલા પાત્રોના વર્ણન વાંચી પછી તેની અનુપ્રેક્ષા કરવી જોઈએ તે સિવાય સ્વાધ્યાય અધૂરો છે.

તે ઘટનાઓ, તે વર્ણનો અને પદાર્થોને વારંવાર ચિંતનની એરણ ઉપર ચડાવી વિચારવું જોઈએ કે, આમાંથી હું શું મેળવી શકું ?

કયો ગુણ હું આત્મસાત્ કરી શકું ?

કે, કયો દોષ હું જીવનભર છોડી શકું ?

જો ગુણો મને સારા લાગ્યા તો મેળવવા મેં શું કર્યું ? જો દોષો મને ત્રાસરૂપ લાગે છે તો મારામાં રહેલા મેં કેટલા છોડ્યા ?

કરોડપતિને મળી કરોડપતિ થવાનું મન થાય પછી માણસ કરોડપતિ થવા પાછળ બુદ્ધિ અને પુરુષાર્થ લગાડી દે છે. ઘર, બૈરી-છોકરાંનો ત્યાગ કરી નીકળી પડે છે. અંતે ધ્યેય સિદ્ધિ કરે છે.

આવું ગુણો મેળવવા મચી પડવું તે ખરો સ્વાધ્યાય છે. ત્યારે સ્વાધ્યાય આત્મહિતકારી બને !






**હેમસૂત્ર** **ઈમાનદાર માણસ એના કામની ચિંતા કરતો હોય છે. તેના ફળની ચિંતા તો ઉપરવાળો (ભગવાન) કરે છે.**

# 29 મારું જીવન અંજલિ થાજો

## ભાસાસમિઈ

ઝઘડો થવાના મોટાભાગે કારણો આવા બેડ વચનો છે. ભાષાનો વિવેક ચૂકે તો ભારત-પાકિસ્તાન અને ભાષાની સમિતિ સચવાય તો હિન્દુ-મુસ્લિમ ભાઈ ભાઈ!

કહેવાય છે, ''મહીયાંસઃ પ્રકૃત્યા મિતભાષિણઃ'' મહાનપુરુષો સ્વભાવથી જ માપનું બોલનાર હોય છે. એટલું જ નહીં વિચારીને બોલનાર હોય છે. આ તેનો જન્માંતરનો અભ્યાસ હોય છે. એટલે, સહુએ અત્યારથી જ હિત-મિત અને પથ્ય ભાષા બોલવાની ટેવ પાડવી જોઈએ જેથી ભવાંતરમાં તેનો અભ્યાસ પડતાં તે સ્વભાવ બની જાય ! પછી કોઈ ઍક્સિડેંટ થવાનો સંભવ જ ન રહે.



સજ્જન પુરુષો, સાધુ પુરુષો હંમેશા વાણી અને વર્તનનો સંવાદ સાધે છે. જેવું બોલે છે તેવું તેમના જીવનમાં પ્રેક્ટિકલ રૂપે દેખાય છે. તેઓ જેવા પ્રિન્સિપલ તમને કહેતા હોય છે તેવા પ્રિન્સિપલ પોતાની લાઈફમાં અચૂક પાળતા હોય છે. તેમના બોલવામાં અને ચાલવામાં કોંટ્રોવર્સી દેખાતી નથી અર્થાત્ સંવાદ હોય છે. માટે તો તેઓના ઉપદેશ - તેઓના વચન સહુને ગ્રાહ્ય બને છે.

કેટલાક પોતાના વક્તવ્યોમાં સંસારની અસારતા સારામાં સારી સમજાવી શકે છે પણ પોતે સંસારમાં રાચી માચીને રહેતા હોય છે.

કેટલાક રાત્રિભોજન ઉપર એવું સરસ લેક્ચર આપે કે સાંભળનારા રાત્રિભોજન ત્યાગ કરવા તૈયાર થઈ જાય છે. પણ ઘરે પહોંચતા સુધીમાં તે પાવર ઉતરી જાય છે અને પાછા રાત્રે ભોજન કરવા બેસી જાય છે. જો પુણ્ય હોય તો કેટલાક રાત્રિભોજન છોડી પણ દે છે. ન છોડવાનું કારણ બોલનાર ખુદ રાત્રિભોજન કરવા બેસી જતાં હોય છે. જેથી શ્રોતાના મનમાં તેમના વચનની અસર થોડો કાલ રહે છે. પછી નીકળી જાય છે.

એટલે તો ધર્મનો ઉપદેશ આપવાનો અધિકાર બધાને નથી. જેઓ ત્યાગી, વૈરાગી, જ્ઞાની, ધ્યાની અને સંયમરસિક છે તેવા જ મહાત્માઓ પોતાની વાણી દ્વારા અન્યને તેવા બનાવી શકે છે. તેમના આચરણમાં અને વાણીમાં સંવાદિતતા હોવાથી આ ચમત્કાર સર્જાય છે.

એક હૉલમાં એક મહાન વક્તાનું 'અહિંસા' ઉપર વક્તવ્ય હતું. હૉલ હાઉસફુલ થઈ ગયો. વક્તાએ સતત એક કલાક અહિંસા ઉપર વ્યાખ્યાન આપ્યું. લોકો સ્તબ્ધ થઈ ગયા. વક્તાને પણ ગરમીના કારણે પસીનો પસીનો થઈ ગયો. મુખ પરનો પસીનો લૂછવા કોટના ખીસ્સામાંથી જેવો રૂમાલ કાઢવા ગયા તેવા બે ઈંડા પણ રૂમાલમાંથી નીચે પડ્યા, ફૂટી ગયા, પ્રવાહી ઢોળાઈ ગયું. આ જોઈ લોકોના મુખમાંથી સિસકારા નીકળી ગયા. અહિંસાની વાતો કરનાર ખુદ તો હિંસક છે.

વ્યાખ્યાન દ્વારા શ્રોતાઓના અંતરમાં વક્તાએ જે બહુમાન ઉત્પન્ન કરેલું તે હવા થઈ ગયું. લોકો બધું ભૂલી ગયા અને ધિક્કારવા લાગ્યા. આવા વક્તાઓ લવાય ? અમારા પૈસા પાણીમાં ગયા!

વચન અને વ્યવહાર વચ્ચે સંવાદિતતા તે ગુણ બને છે. અસંવાદ તે દોષ બને છે.

ભાષા કર્મબંધનું કારણ છે. તેમજ કર્મનિર્જરાનું પણ કારણ બની શકે છે. તે ટૅકનીક વક્તાના હાથમાં છે. થોડો અભ્યાસ, થોડી સમજ અને થોડી નમ્રતા હોય તો તે શક્ય બને છે.

જે ભાષા બોલવાથી સામેવાળામાં કષાયોની ઉદીરણા થાય અર્થાત્ તે ગુસ્સે વગેરે થાય અથવા વિષયની ઈચ્છાઓ ઉત્પન્ન થાય તો વક્તાને ઘણું નુકશાન છે. ભવાંતરમાં તેને વાચા જ ન મળે. મુંગા થવું પડે તેવા ભયંકર કર્મો બંધાય છે.

વિષયનું રાગ સાથે જોડાણ છે. એટલે જૈન સાધુ સંસ્થામાં સાધુઓને બહેનો સાથે પ્રલાપ, લાંબો સમય વાતો કરવાનો નિષેધ છે. કેમ કે, બહેનોનો અવાજ જ

કુદરતી એવો હોય છે જે રાગ પેદા કરે ! માટે જ્યારે તેમના ઘરે ગોચરી લેવા જવાનું હોય અથવા તો અન્ય કારણે કોઈ બહેન સાધુ પાસે આવી કંઈક કહેવા માંગતા હોય તો ઓછા શબ્દોથી વાત કરી કામ પતાવવાનું હોય છે.

સંઘની બહેનો પણ સાધુ ભગવંતોને પૂજનીય માનતી હોય છે એટલે તેઓ તો પૂજ્યભાવથી વિનયપૂર્વક જ વાત કરતી હોય છે. તેમ છતાં તેમનો સ્વર જ અને બોલવાની લઢણ એવી હોય કે સામેવાળાને સારું ફીલ થાય ! આ સારું ફીલ થાય તેમાંથી રાગ ઉત્પન્ન થાય. માટે સાધુ ભગવંતો બહેનોના પરિચયમાં આવતા નથી. તેમણે પ્રવચન દ્વારા ઉપદેશ આપે તે જુદી વાત નહીંતર બ્રહ્મચર્યની નવ વાડનો ભંગ થાય છે.

તેમ સાધુ ભગવંતો ગીતો કે તેવા મ્યુઝિક રસપૂર્વક સાંભળતા નથી જેથી અંતરમાં રાગ ઉત્પન્ન થાય. આ મર્યાદા જો ન હોય તો સાધુ દ્રવ્ય કે ભાવથી પતિત થયા વિના ન રહે તેવો વર્તમાનકાળ ચાલી રહ્યો છે.

**શ્રીસંઘોમાં અમુક અનુષ્ઠાનો છોડી સ્ત્રી-પુરુષને સાથે બેસવાની મનાઈ છે. બંનેના પ્રતિક્રમણ જુદા, પ્રવચનમાં બેઠક વ્યવસ્થા જુદી, એકાશના-આયંબિલ વગેરે તપના પારણામાં બંનેની અલગ-અલગ વ્યવસ્થાનું કારણ મર્યાદા છે. એટલે ભગવાનની આજ્ઞા છે. જેમાં સ્ત્રીનો તિરસ્કાર નહીં પણ સન્માન છે.**

સ્ત્રી-પુરુષ વચ્ચેની બોર્ડર લાઈન-મર્યાદા હવે ભૂંસાઈ ગઈ છે. સ્ત્રીઓ જ ખુદ આઝાદ બની છે. અભક્ષ્ય-માંસાહારી અને માદક આહાર-પાનથી લોકોના મન અત્યંત વિકૃત બન્યા છે. એટલે સ્ત્રીને દેખતા જ પુરુષોની વાસનાઓ ભડકે બળે છે અને અકલ્પનીય ઘટનાઓ બની જાય છે.

પહેલાં પરપુરુષ સાથે વાત ન કરવાનની મર્યાદા હતી. તે તૂટે પછી પરિચય થાય પછી બિલાડો દૂધ જોયા પછી દંડાને ભૂલી જાય છે. બિલાડો દૂધ પાસે આવ્યા પછી શું ન કરે તે સવાલ છે ! અત્યારે સ્કૂલો, કૉલેજો, રેસિડેન્શિયલ કેમ્પસો, પ્રવાસો, મોટી મોટી ઑફિસો, ફેક્ટરીઓ અને જાહેર મેળાવડા વગેરેમાં સહશિક્ષણ, સહવાસ અને પાર્ટનરશીપ શરૂ થવાથી તેના કેવા વરવા પરિણામ બહાર આવી રહ્યા છે તે નજરે દેખાય છે.

દરેક ક્ષેત્રમાં બહેનો જોબ-બિઝનેસ કરવા દ્વારા પગભર થવા લાગી છે. સાથે સાથે તેનો પગ ખસવા લાગ્યો છે. રિલેશનમાં રિસ્ટ્રીક્શન બાદ થતાં રેપ અને મર્ડરની ઘટનાઓ હજુય તમારી આંખ ખોલતી નથી જે કલિયુગ વરતારો છે.

તમારી ગાડી તમે બરાબર યોગ્ય સ્થાને પાર્ક કરી છે પણ પાછળથી કે આગળથી કોઈ ટ્રકવાળો કે ટેમ્પોવાળો આવીને ઠોકી જાય તો શું કરો ? નુકસાન તો તમને જ છે.

તમારી દીકરીઓ ખાનદાન છે ! આટલું બોલવા માત્રથી દીકરી ખાનદાન રહી જશે એવું નહિ માનતા. કારણ લોક અધમ છે. ચારે બાજુ લાલચુ અને રોમીયો શિકાર શોધી રહ્યા છે. તમારી દીકરી ફસાઈ તો તમે શું કરશો ? રોમીયો કદાચ જેલ ભેગો થશે. દીકરીની તો આખી મૂલ્યવાન જિંદગી ધૂળ થઈ જવાની.

આપણી મર્યાદાઓ આવી સુરક્ષા માટે હતી અને તે તમામ મર્યાદાઓ તમે તોડી ફોડીને ભુકકો કરી નાંખી. દીકરીનો પગાર જોઈ ખુશ થયા પણ તેના શીલની ચિંતા કોણ કરે છે ? તેના બૉસ સાથેના પરિચય, ઑફિસમાં અનેક સાથેના પરિચય, મોબાઈલ સાથેની પરમ મૈત્રી અને તેના આવતા વિડીયો, વગેરેથી તમારી દીકરી કેટલી બદલાઈ રહી છે તેની તમને ખબર પડે ત્યાં સુધીમાં તો ખેલ પૂરો થઈ ડીક્લેર થાય છે ! ભગવાન બચાવે ! આપણે વિષયની ઈચ્છા ન થાય તેમ ભાષા બોલવી આ વિષય ઉપર વિચારી રહ્યા હતા. હજુ આગળ -

**એવું બોલવું કે જેનાથી સ્વયંના અને સાંભળનાર શ્રોતાઓના**
**વિષયોનું દમન થાય.**
**કષાયોનું શમન થાય.**
**પ્રશ્નોનું સમાધાન થાય અને**
**કહેનારનો આશય સમજાય, અર્થ સ્પષ્ટ થાય જેથી તેના જીવનમાં તે ઈમ્પ્લીમેંટ કરી શકે, તો જ વક્તાને અને શ્રોતાને બંનેને લાભ થાય.**

પ્રભુ મહાવીરની પહેલી દેશના કહેવાય છે, કે નિષ્ફળ થઈ કેમ ? કે પ્રભુએ જોયું મારા બોલવાથી કોઈને સમ્યક્ત્વ આદિનો લાભ થવાનો નથી. તો નાહકનું શા માટે બોલવું ? એટલે પ્રભુ ક્ષણવાર દેશના આપી અપાપાપુરી તરફ વિહાર કર્યો. ત્યારબાદ બીજા દિવસે પ્રભુએ દેશના આપી ધર્મતીર્થની સ્થાપના કરી.

ક્રમશઃ



# ધ્યાનની ભૂમિકા

## અધ્યાત્મ અને ભાવનાઓનું સાતત્ય

અધ્યાત્મયોગી પૂ.આનંદઘનજી મહારાજાએ પોતાના શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનમાં (ગાથા-૩) ક્રિયાને જ અધ્યાત્મ કહી દીધું છે. અર્થાત્ અધ્યાત્મને આત્મામાં લાવનારી ક્રિયા કેવી હોય તે જણાવ્યું છે.

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે,
તેહ અધ્યાતમ લહિયે,
જે કિરિયા કરી ચઉગતિ સાધે,
તે ન અધ્યાતમ કહિયે. ।।૩।।

પહેલી વાત એ છે, કે ધ્યાનની ભૂમિકા **'અધ્યાત્મ'** છે. તો અધ્યાત્મને લાવનાર પ્રભુએ કહેલી લોકોત્તર ક્રિયાઓ છે અને આ ક્રિયાઓ પણ બે ક્વૉલિટીવાળી અને અનેક પ્રકારની છે. જેમાં શુભ-અશુભ, શુદ્ધ-અશુદ્ધ, લૌકિક-લોકોત્તર, શુભ-શુદ્ધ વગેરે ભેદ છે. આમાં આપણું ધ્યેય માત્ર ક્રિયા જ કરવાનું નથી પરંતુ અધ્યાત્મ લાવવા માટે ક્રિયા કરવાની છે. તે ક્રિયાની ક્વૉલિટી કેવી હોય? તેની વાત પૂજ્યશ્રી કરી રહ્યા છે.

ક્રિયાઓ તો સંસારમાં હજારો પ્રકારની છે. તે બધી જ ક્રિયાઓથી તો અધ્યાત્મ આવ્યું હોય તોય પ્રાયઃ ચાલ્યું જાય. ક્રિકેટ રમવાની પણ ક્રિયા કહેવાય અને ચોરીમાં હસ્તમેલાપની પણ ક્રિયા કહેવાય. આ બધી સંસારિક ક્રિયાઓનું ફળ પાપ કર્મોનો બંધ છે.

**પ્રશ્ન :** આપણે તો અહીં ધર્મક્રિયાની જ વાત છે ને?

**જવાબ :** હા, પણ તેમાંય ઉપરોક્ત ભેદ તો ખરા જ?

જેમ ધર્મ બે પ્રકારના લૌકિક ધર્મ અને લોકોત્તર ધર્મ!

**વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલો ધર્મ તો લોકોત્તર ધર્મ છે. કેમ કે, તેમાં વીતરાગ બનવા સુધીની ક્રિયાઓ છે. જે અન્ય ધર્મમાં નથી. જે પણ ધર્મ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો તે લોકોત્તર ધર્મ છે. બાકીના લૌકિક ધર્મો છે.**

**પ્રશ્ન :** લૌકિક ધર્મો કયા કયા છે?

**જવાબ :** જૈન સિવાયના બાકીના બધા જે ધર્મ કહેનારા પુરુષો લૌકિક છે. એટલે કે, વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર નથી પરંતુ અસર્વજ્ઞ છે. તેમના જ્ઞાન દ્વારા પ્રરૂપાયેલ ધર્મનું બળ સ્વર્ગાદિ સુખો પ્રાપ્ત કરાવી શકે, મોક્ષ નહીં! એટલે તે ધર્મમાં સૂક્ષ્મતા નથી. એટલે તેમની ધર્મક્રિયાઓમાં પણ હિંસા આદિ હોવાથી શુદ્ધ ક્રિયાઓ નથી. માટે તે ધર્મને લૌકિક ધર્મ કહ્યો. બીજી રીતે મિથ્યાત્વ વાસિત ધર્મ છે.

તેમના અનુષ્ઠાનો (ધર્મક્રિયાઓ) યજ્ઞ-યાગ, દેવ-દેવીના પૂજન, બલી વગેરેમાં હિંસા, અજ્ઞાન સ્પષ્ટ દેખાય છે.

**પ્રશ્ન :** તો પછી તે ધર્મ કેમ કહેવાય છે?

**જવાબ :** તે ધર્મક્રિયાઓમાં સંસારની ક્રિયાઓ કરતાં પાપ ઓછું છે, મર્યાદાઓ છે. સ્વર્ગાદિ સુખોનો લાભ છે. એટલે ધર્મનો અંશ હોવાથી તેઓ ધર્મ કહે છે. માટે તો તે લૌકિક ધર્મ કહ્યો.

**પ્રશ્ન :** તો લોકોત્તર ધર્મ અને ક્રિયાઓમાં ભેદ ખરા?

**જવાબ :** હા, તે પણ બે પ્રકારે (૧) શુભધર્મ (૨) શુદ્ધ ધર્મ. તેમ ક્રિયાઓ પણ બે પ્રકારે શુદ્ધક્રિયા અને અશુદ્ધ ક્રિયા. તેમાંય વિધિવાળી અને અવિધિપૂર્વક થતી ક્રિયાઓ વળી શુભાશયવાળી અને શુદ્ધ આશયવાળી. પંચસૂત્રકાર મહર્ષિએ લખ્યું, **"એઅસ્સ ણં વુચ્છિત્તી સુદ્ધ-ધમ્માઓ, સુદ્ધ ધમ્મસંપત્તી પાવકમ્મવિગમાઓ ।"** તે (સંસારનો) નાશ શુદ્ધધર્મથી થાય છે. શુદ્ધધર્મની સંપ્રાપ્તિ પાપ કર્મોના નાશથી થાય છે.

**પ્રશ્ન :** ઈન્ટરેસ્ટીંગ છે! જરા સમજાવો ને પ્લીઝ!

**જવાબ :** પાણી મૂળથી તો શુદ્ધ જ હોય છે. પરંતુ અંદર થોડોક પણ કચરો, મેલ, રંજ, રંગ કે અપેય વસ્તુ ભળવાથી તે પાણી શુદ્ધ કહેવાતું નથી વળી તે કદાચ પીવાથી રોગ આદિ થવાની સંભાવના છે. હવે તેને શુદ્ધ કરવું હોય તો તેના ઉપર પ્રોસેસ (ત્રણ ઉકાળાથી ઉકાળવું વગેરે) કરવો પડે તો તે જ પાણી શુદ્ધ કરીને પી શકાય છે.

તેમ, ધર્મનું સ્વરૂપ તો શુદ્ધ છે. પરંતુ ધર્મ કરનાર વ્યક્તિનો ધર્મ કરવાનો આશય (પરિણામ) જેવો ભળે તેવો ધર્મ (પાણી) બને છે. જો આશય શુદ્ધ હોય તો તે ધર્મ શુદ્ધ બને અને આશય અશુદ્ધ હોય તો ધર્મ શુભ બને (ધર્મ શુદ્ધ કે અશુદ્ધ આવા વિભાગ ન પડાય).

**પ્રશ્ન :** આશય તો સમજાયું પણ તે શુદ્ધ અને અશુદ્ધ ન સમજાયું!

**જવાબ :** ધર્મ મુક્તિ માટે કરવાનો છે, સંસારનો નાશ કરવા કરવાનો છે, કર્મ ખપાવવા માટે કરવાનો છે,

આત્મશુદ્ધિ માટે કરવાનો છે, આત્માનું પારમાર્થિક કલ્યાણ થાય માટે કરવાનો છે. શાશ્વત સુખ માટે કરવાનો છે. ભવોભવના દુઃખોનો અંત લાવવા કરવાનો છે. જીવને બોધિરત્ન પ્રાપ્ત થાય અને તેથી મુક્તિ મળે, જીવને અંતે સમાધિ પ્રાપ્ત થાય અને અંતે મુક્તિ મળે માટે કરવાનો છે અને આ કામ શુદ્ધ ધર્મ સિવાય કોઈ કરી શક્તું નથી. ઉપર કહ્યા તે **બધા જીવના આશયો છે તે શુદ્ધ આશયો છે. તેમાંથી કોઈપણ આશયથી કરાતો ધર્મ એટલે કે ધર્મ ક્રિયા તે શુદ્ધ ક્રિયા છે.**

તેમાંથી ઉલટું તે શુદ્ધક્રિયા નથી પણ શુભ ક્રિયા છે. જેમ કે, સંસારની કોઈ ચીજ-વસ્તુની પ્રાપ્તિ થાય તેવા આશયથી કરાય. હવે સંસારની તો પાર વિનાની ઈચ્છાઓ છે. તે બધી લખવા બેસાય તેવું નથી. માટે ટૂંકમાં, કહું તો આત્માનું તરત જ કે પરંપરાએ પણ હિત થાય. મુક્તિ થાય તેવો આશય શુદ્ધ છે. બાકીની સાંસારિક ઈચ્છા સંસારના કોઈ પદાર્થની પ્રાપ્તિની ઈચ્છાથી થતો ધર્મ તે શુદ્ધ ધર્મ બનતો નથી.

શુદ્ધ ધર્મની ક્રિયામાં પુણ્ય કર્મોનો બંધ થાય છે. તેમ શુભધર્મની ક્રિયામાં પણ બંધ તો પુણ્યકર્મોનો જ થાય છે. કારણ ગમે તેમ તોય ક્રિયા તો ધર્મની છે. કંઈ સંસારની નથી. જેથી પાપકર્મ બંધાય ! સંસારની તમામ ક્રિયાઓમાં પાપ બંધાય તેમ ધર્મની તમામ ક્રિયામાં પુણ્ય બંધાય.

**પ્રશ્ન :** તો ફરક ક્યાં પડ્યો ?

**જવાબ :** ફરક અનુબંધમાં પડશે. આશય જો મલિન (સંસાર બાબતનો) હશે તો અનુબંધ પાપ કર્મનો થાય અને આશયશુદ્ધ (મોક્ષનો હોય તો અનુબંધ પણ પુણ્ય કર્મોનો થાય.)

**પ્રશ્ન :** અનુબંધથી શું ફાયદો ?

**જવાબ :** દા.ત. પુણ્યબંધથી જીવને ધન સંપત્તિ સમજો મળે તે સાથે અનુબંધ પણ પુણ્યનો હોય તો તેનાથી જીવને સદ્‌બુદ્ધિ મળે તેના કારણે તે ભોગ સંપત્તિનો ઉપયોગ ધર્મમાર્ગે કરવાનું મન થાય તેથી ફરીથી પાછું એવું જ પુણ્ય બંધાય. આમ ઉત્તરોત્તર પુણ્યાનુબંધી પુણ્ય છેક મુક્તિ સુધી પહોંચાડે.

જ્યારે અનુબંધ પાપનો હોય તો જીવને બુદ્ધિ એવી મળે કે સંસારના માર્ગે સંપત્તિનો ઉપયોગ કરે. ભોગોમાં રુચિવાળો થાય અને તેથી પાપકર્મોનો બંધ કરી ઉત્તરોત્તર દુર્ગતિઓમાં જઈ અનંતસંસારી પણ બને !

હવે, મૂળવાત ઉપર આવીએ. અધ્યાત્મ લાવનાર ક્રિયાઓ કેવી હોય ? તે પૂજ્યશ્રી કહી રહ્યા છે. 'નિજ સ્વરૂપ જે કિરિયા સાધે.'

ધર્મક્રિયાઓ આત્મ સ્વરૂપને પ્રગટ કરે તેવી હોવી જોઈએ ! તેને અધ્યાત્મ કહ્યું. વળી પછીની ગાથામાં અધ્યાત્મના પણ ચાર નિક્ષેપા કહી ભાવ અધ્યાત્મ સાધવાની વાત કરે છે. નામ-સ્થાપના કે દ્રવ્ય અધ્યાત્મમાં નિજ સ્વરૂપ પ્રગટાવવાની શક્તિ નથી. માત્ર ભાવ અધ્યાત્મ આવે તો આત્મસ્વરૂપ પ્રગટે માટે ભાવ અધ્યાત્મ માટે પ્રયત્ન કરવાની વાત કરે છે.

**પ્રશ્ન :** આત્મ સ્વરૂપને પ્રગટ કરવું એટલે ?

**જવાબ :** આત્મા સ્વભાવથી તો શુદ્ધ જ છે. અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-મય છે. અવ્યાબાધ સુખ અને અક્ષયસ્થિતિવાળો છે. પરંતુ મોહનીય વગેરે કર્મોના ઉદયથી તેનું સ્વરૂપ ઢંકાયેલું છે. વિકૃત બનેલું છે. સ્વભાવ દશા ઉપર વિભાવદશાનું આવરણ લાગી ગયું છે. જેમ વાદળોથી સૂર્ય ઢંકાઈ જાય તેમ. વળી જોરથી પવન ફૂંકાય અને વાદળો વિખરાઈ જાય છે. તેમ ધર્મ ક્રિયાઓ આદિ દ્વારા આ આવરણોનો નાશ થતો જાય તેમ આત્માની શુદ્ધ દશા પ્રગટ થતી જાય છે !

ક્રિયાના બીજા બે પ્રકાર છે. દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા. તેમાં ભાવક્રિયાની શક્તિ નિજ સ્વરૂપને પ્રગટ કરવાની છે. દ્રવ્યક્રિયા તેટલી બળવાન નથી.

**પ્રશ્ન :** દ્રવ્યક્રિયા તે શું ? અને ભાવક્રિયા તે શું ?

**જવાબ :** મોહ સાથે થતી ક્રિયા તે દ્રવ્યક્રિયા જેમાં શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાનો વગેરે શુદ્ધભાવ નથી તેવી ક્રિયા. ટૂંકમાં, ભાવરહિત ક્રિયા તે દ્રવ્યક્રિયા છે. તેનાથી પુણ્યબંધ થાય, કર્મનિર્જરા (આત્મશુદ્ધિ) અલ્પ થાય. ન પણ થાય.

**પ્રશ્ન :** તો પછી આવી ક્રિયા તો નકામી જ કહેવાય ને ?

**જવાબ :** હા, નિશ્ચયથી નકામી કહેવાય, પણ વ્યવહારથી નકામી નથી. તેતું સાંભળ ! મોટાભાગે લોકો આ કાળમાં આવી જ ક્રિયાઓ કરતા હોય છે. થોડાક જ શુદ્ધભાવથી કરનારા મળે.

# Be a firm Believer

ભારતની પ્રજા શ્રદ્ધાવાન્ છે. આત્મા, પરલોક, પ્રભુ જેવી વસ્તુઓને માનનારી છે. અનાત્મવાદ જેવી કોઈ વસ્તુ હતી જ નહીં. પરંતુ આજે કેટલાક આકર્ષણોએ અનાત્મવાદ ફેલાવ્યો છે. દઢ બનેલી માન્યતાઓને તોડી નાંખી છે. ગ્લોબલાઈજેશન, કૉસ્મોપૉલિટન લાઈફ, સહશિક્ષણ વગેરેના કારણે બાપ-દાદાઓએ આપેલી પરંપરાઓ, માન્યતાઓ અને સંસ્કારોનો નાશ થતો જાય છે.

એક બ્રાહ્મણ પંડિત બકરીને લઈને જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. જંગલમાં રહેલા ચોરોની નજર પંડિત પર પડી. બકરીને હાઈજેક કરવાની ઈચ્છા ચોરોને જાગી. બધો પ્લાનીંગ કરીને પહેલો ચોર ભૂદેવજી પાસે આવ્યો. જય રામજી બોલતાની સાથે ભૂદેવજીએ આશીર્વાદ આપ્યા. ભૂદેવજી ! આ કૂતરાને લઈને ક્યાં જાઓ છો ? ભૂદેવજી બોલ્યા, 'લાગે છે તારી આંખનું વીઝન ઝાંખુ પડી ગયું છે આ કૂતરો નથી, મારી પ્રાણ પ્યારી બકરી છે.' જોવામાં તમારી ભૂલ થઈ રહી છે. ના, ના, ભૂદેવજી ! તમને કંઈક ભ્રમ થઈ ગયો લાગે છે અથવા તો કોઈએ આપને ઉંધુ ભણાવી દીધું છે. ખરેખર કહું છું, 'આ બકરી નથી, કૂતરું છે.'



બ્રાહ્મણને પૂરો વિશ્વાસ હતો આ બકરી જ છે. એટલે ઓલા અજાણ્યા ભાઈને અણસમજુ સમજી ભગાડી દીધો. ચલ ભાગ ! અહીંથી તને ખબર ના પડે. બકરી કોને કહેવાય અને કૂતરું કોને કહેવાય ? હવે, બ્રાહ્મણ થોડો આગળ ચાલ્યો અને બીજો ચોર આવીને બોલ્યો, જયરામજી ! ઓ ભૂદેવજી ! આ કૂતરાને લઈને ક્યાં જાઓ છો ?

આ શબ્દો સાંભળતાં જ બ્રાહ્મણના મુખની રેખા બદલાઈ ગઈ. હાવ ભાવ બદલાઈ ગયા. જોરથી ચોરને બોલ્યા, અલ્યા એ ! આદિવાસીની જેમ જંગલમાં રહેનારા તમને કૂતરા અને બકરીમાં કાંઈ ફરક દેખાતો નથી. સાવ બુદ્ધિ વગરના તમે છો. હું ઘરથી બકરી લઈને જ નીકળ્યો છું. મને પાકો વિશ્વાસ છે.

ચોર બોલ્યો, ભૂદેવજી ! મને ખબર છે. આપ પંડિત છો ! બુદ્ધિશાળી છો ! હોંશિયાર છો ! મારા કરતાં વધારે સમજુ છો ! છતાં પણ આ કૂતરાના વિષયમાં લાગે છે કે આપ છેતરાયા છો. ભૂલા પડ્યા છો. કોઈને પણ પૂછો, એ એમ જ કહેશે, 'આ બકરી નથી, કૂતરો છે.' વિશ્વાસ ન થતો હોય તો હું બીજા માણસને બોલાવું. તમે જ પાકું કરી લ્યો. મને તો વિશ્વાસ છે એ પણ મારી જેમ આને કૂતરો જ કહેશે.

કૉન્ફીડેન્સ પૂર્વકની વાતો સાંભળીને બ્રાહ્મણજીનું મન હવે ડગવા માંડ્યું. શંકાનો કીડો અંદર ઘૂસી ગયો. વિચારમાં પડી ગયો. 'શું ખરેખર આ કૂતરો છે ?' શું હું કૂતરાને જ લઈને જઈ રહ્યો છું.' મને પાકું યાદ છે, ઘરથી તો બકરી લઈને નીકળ્યો હતો. વળી આ કૂતરું કઈ રીતે હાથમાં પકડાઈ ગયું. વિચારોનું વાવાઝોડું પ્રારંભ થયું. એટલામાં ત્રીજો ચોર આવ્યો. ભૂદેવજી ! જય રામજી કી ! સુબહ - સુબહ ઈસ કુત્તે કો લેકર કહાં જા રહે હો ? સુબહ મેં તો પૂજા પાઠ હોતા હૈ, ભગવાન કા નામ લેના હોતા હૈ. ઈસકે બજાય આપ ઈસ કુત્તે કો લેકર ઘૂમ રહે હો.

આ સાંભળતાં જ બ્રાહ્મણ પોતાનો આત્મવિશ્વાસ ખોઈ બેઠો. લાગ્યું કે, મારી કંઈક ભૂલ થઈ લાગે છે. 'આ બકરું નથી, કૂતરું જ છે.' મારે વળી આનું શું કામ? એ ભાઈ ! તમારે આ કૂતરું જોઈએ તો લઈ જાઓ, મારે નથી જોઈતું. ઓલો ભાઈ ખુશ થઈ કૂતરાને લઈને જતો રહ્યો.

બ્રાહ્મણ પોતાની માલિકીની બકરીને વગર કારણે ખોઈ બેઠો.

પોતાની શ્રદ્ધા માન્યતામાં દઢ રહી ના શક્યો. કોઈના વાદે ચઢી પોતાના આત્મવિશ્વાસને ગૂમાવી દીધો. આજના જમાનામાં દઢ શ્રદ્ધાવાલા બનવું, એમાં ટકી રહેવું ખૂબ જ મુશ્કેલ છે. બહારના આકર્ષણો, શિક્ષણ, મિત્રોના આગ્રહો, જાહેરાતો, માર્કેટીંગ, ઍડવર્ટાઈઝીંગ વગેરેના કારણે જન્મથી પ્રાપ્ત કરેલી શ્રદ્ધા, આત્મવિશ્વાસ, માન્યતા ધીમે-ધીમે ઢીલી પડતી જાય છે. પછી છેલ્લે આ બધાને કારણે બધી માન્યતાઓ બદલાઈ જાય છે.

આજે લોકો હાઈ-રાઈઝ બિલ્ડીંગોમાં રહેવાનું પસંદ કરે છે. જ્યાં ૧૦૦ ઘરો જૈનોના હોય અને બીજા ૪૦૦ ઘરો અજૈનો-હિંદુઓના હોય છે. અગ્રવાલ, મહેશ્વરી, પટેલ, દરબાર વગેરે બધી જાતના લોકો રહે છે. બધા ધર્મોના ફેસ્ટીવલો એક જ સોસાયટીના કેમ્પસમાં ઉજવાતાં હોય છે. હોળી-દિવાલી, નવરાત્રી, શિવરાત્રી વગેરે મહોત્સવોમાં વ્યવહાર સાચવવા પણ જૈનોએ જવું પડે છે. સાથે આવવા-જવાથી ફ્રેન્ડ્સ-ગ્રુપ્સ બને અને પછી આપણા જ છોકરાઓ આગળ રહી આ બધા **Religious Festivals** ધૂમધામથી ઉજવે છે. પોતાનું સાચું જૈનત્વ ભૂલી જાય છે.

ઠાણે શહેર, ત્યાં વસંત લોન્સ નામની હાઈ-ફાઈ સોસાયટી. અનેક જૈન કુટુંબો તેમાં રહે છે. પર્યુષણ મહાપર્વોત્સવ ઉજવે છે. પર્યુષણના દિવસોમાં પિતા પોતાના દિકરા સાથે મળવા આવ્યા, વંદન કર્યા. દિકરાએ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. પછી પિતાજીએ વિનંતી કરી. સાહેબજી ! મારા દિકરાને આજે પાંચમો ઉપવાસ છે. અટ્ઠાઈની ભાવના છે. પાંચમના દિવસે અહીં નીચે ક્લબ હાઉસમાં પારણું રાખેલ છે. આપણે પધારવાની વિનંતી કરવા આવ્યો છું. સાહેબજીએ કહ્યું, ઠીક છે. પણ તમારાં દિકરાને મેં પ્રવચન-પ્રતિક્રમણ વગેરેમાં ક્યાંય જોયો નથી. શું કરે છે આખો દિવસ ? મોટા દિવસોમાં સરસ તપ પ્રારંભ કર્યો છે તો સાથે માત્ર ૮ પ્રતિક્રમણ તો અવશ્ય કરવા જ જોઈએ. પુત્રએ કહ્યું, સાહેબજી ! અહીંયા જ હોઉં છું. પણ અહીં આવવાનો સમય મળતો નથી. આમેય આપનો ને મારો ટાઈમ સેટ થાય એવો નથી. સાહેબજીએ તરત પૂછ્યું, કેમ ? એવો તો કેવો તું બીઝી છે.

સાહેબજી ! બીઝી તો નથી પણ મારા બધા **friends** મરાઠી છે. ‘ગણપતિ’ તેનો મોટો **festival** છે. આપણી સંવત્સરી અને એમના મહોત્સવનો પ્રારંભ થાય છે. વર્ષોથી અમે બધા ભેગા મળી ગણપતિનો પ્રવેશ કરાવીએ છીએ. મહોત્સવની પૂર્વ તૈયારી માટે મારે એમની સાથે રહેવું પડે. નૃત્ય, ડ્રામા, સ્વાગતગીત વગેરેની પ્રેક્ટીસ માટે સાંજે મંડપમાં હાજર રહેવું પડે. એ જ સમય આપણા પ્રતિક્રમણનો છે એટલે હું આવી શક્તો નથી. નાનપણથી આ મારા મિત્રો છે અને વર્ષોથી ધામધૂમપૂર્વક ગણપતિનો મહોત્સવ ઉજવીએ છીએ. એટલે આજ દિન સુધી મેં સંવત્સરી પ્રતિક્રમણ કર્યું નથી.

જન્મથી જૈન હોવા છતાં જૈનત્વનો છાંટોય નથી. સંપૂર્ણ શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ છે. એમાં ભૂલ કોની ? માતા-પિતા કે પછી વાતાવરણની અસર ! વિચાર માંગી લે એવું છે !

ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા એમના ગ્રંથોમાં લખે છે, શ્રાવકે ઘર ક્યાં લેવું જોઈએ ? જ્યાં ધાર્મિક વાતાવરણ મળતું હોય, સાધુ-સાધ્વીજીનાં દર્શન પરિચય તથા ઘરમાં પગલાં થતાં હોય, શ્રદ્ધાનું પેટ્રોલ રોજ ભરાતું હોય. ત્યાં રહેવું જોઈએ. આવા માહોલમાં રહેવાથી જૈનત્વનો નાશ ન થાય. શ્રદ્ધા, આત્મવિશ્વાસ ટકી રહે.

શિક્ષણ ક્ષેત્રે પણ આપણી મૂલપરંપરાઓ, સંસ્કારોને નાશ કરવાના પ્રયત્નો ચાલુ થયા છે. ગવર્મેન્ટ દ્વારા કેટલાક સ્ટેટની સ્કૂલોમાં **Mid Day Meal**નું આયોજન કરવામાં આવ્યું છે.

સ્કૂલોમાં બાળકોને **midday meal**માં ઈંડા પ્રોટીન વધારવાના બહાને ફરજીયાત કરવામાં આવ્યા. હવે તમારા સંસ્કારી બાળકો પર રોજ હેમરીંગ થશે. વધારે એનર્જી આપનારું કોઈ ફુડ હોય તો તે ઈંડુ છે. હેલ્થી અને ફીટ રહેવા માટે આ તો ખાવું પડે. રોજ ક્લાસમાં ઈંડાનો મહિમા ગવાશે. પછી એક દિવસ એવો આવશે કે તમારું શીખવાડેલું ‘ઈંડા ના ખવાય’ એવી એની માન્યતા બદલાવા લાગશે. બધા મિત્રો ખાવા માટે વારંવાર ઑફર કરશે. ખાઈ લે... એમાં કશુંય નથી, ટીચરે પણ કહ્યું છે, ‘આમાંથી વધારે પ્રોટીન મળશે.’

મુંઝવણમાં પડેલો તમારો બાળક શું કરે ? ના ખાય તો બધાથી અલગ પડી જાય. કોઈ એને બોલાવે નહીં. ક્યાંય પણ સાથે લઈ ના જાય. કોઈ મિત્ર જ નહીં રહે. એકલો પડી જાય.

એ વિચારશે, આખી દુનિયા અને મારા મિત્રો પણ ખાય છે એમાં શું વાંધો છે ? હવે આ ખાવા માટે માતા-પિતા સામે આર્ગ્યુમેન્ટ્સ કરશે. ઝગડો કરશે. કેમ કે, માન્યતા બદલાઈ ગઈ છે. વર્ષોથી મેળવેલા સંસ્કારોને માત્ર સ્કૂલના ટીચરોના કહેવાથી અને મિત્રોના આગ્રહથી બાળક નાશ કરી દે છે. આવી તો કેટલી બધી હેમરીંગ સોશ્યલ મિડીયા, એડવર્ટાઈઝીંગ, માર્કેટીંગ દ્વારા થઈ રહી છે. જેમાં સારા-સારા લોકો ફસાઈ જાય છે અને પોતાનું જૈનત્વ ગુમાવી નાંખે છે.

# સંક્ષિપ્ત સમાચાર
## : બાળ સંસ્કરણ શિબિરો :

**(૧) શેરીસા તીર્થ : શાંતિનગર જૈન સંઘ - અમદાવાદ**ની પાઠશાળાના બાળકો તથા ભાઈ-બહેનોની શિબિર પૂ.પંન્યાસશ્રીની નિશ્રામાં શેરીસા તીર્થે તા.૧-૨-૩, મે, શુક્ર-શનિ-રવિવારના રોજ યોજવામાં આવી હતી.

**લાભાર્થી : ડો.જોલીબેન સાંડેસરા - અમદાવાદ.**
**સંચાલન : શ્રી કે.ડી.શાહ - સર, શાંતિનગર સોસા.**

આ શિબિર દરમ્યાન પૂ.આ.વિ. **અજયસાગર** સૂરીશ્વરજી મહારાજાની પણ નિશ્રા પ્રાપ્ત થઈ હતી. પૂજ્યશ્રી તથા મુનિશ્રી **મહર્ષિરત્ન વિ.મ.** ૧૦૦ ઉપરાંત બાળકો તથા ભાઈ-બહેનો સમક્ષ પ્રવચનો કર્યા હતા. ત્રણ દિવસ સામૂહિક સ્નાત્ર, અષ્ટપ્રકારી પૂજા, ફનફેર તથા વિવિધ ગેઈમ દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવામાં આવ્યું હતું. છેલ્લે દિવસે આઈ.પી.એલ.માં બાળકોએ સુંદર દેખાવ કર્યો હતો. શિબિરાર્થીઓને લાભાર્થી પરિવાર તરફથી સુંદર ગીફ્ટ આપવામાં આવી હતી.

**(૨) ન્યુ વાસણા :** શ્રી અમીઝરા વાસુપૂજ્ય શ્રીસંઘના સંકુલમાં **શુભોદય ફાઉન્ડેશન - બોરીવલી** તરફથી તા.૧૩-૫ થી ૧૭-૫ પાંચ દિવસીય રેસીડેન્ટ બાળક-બાળીકાઓની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજુબાજુના સંઘમાંથી મળીને ૨૭૫ જેટલા બાળકોએ પાંચેય દિવસ સવારે ૯-૦૦ થી સાંજના ૭-૦૦ કલાક સુધી વિવિધ ઍક્ટિવિટી રૂપ આરાધના કરી હતી.

સવારે ૯-૦૦ ક. વિવેચન સહિત અષ્ટપ્રકારી સામૂહિક પૂજા તથા આંગી સ્પર્ધા ત્યારબાદ પ્રવચન, બપોરે ૨-૦૦ થી ૭-૦૦ દરમિયાન ફેન-ફેર આદિ વિવિધ ગેઈમ-અંતાક્ષરી તથા પ્રવચન, ત્યારબાદ ચોવિહાર અને સંગીતમય પ્રભુભક્તિના કાર્યક્રમમાં તમામ બાળકો ઉત્સાહથી જોડાયા હતા. સખત ગરમી છતાં સંખ્યા હાઉસફુલ રહી હતી.

હિમ્મતનગરથી **હેમંતભાઈ શાહે** પોતાનું રસોડું કરી અહીં બાળકોને મનપસંદ વાનગીઓ તથા ડ્રીંક્સથી ખુશ કર્યા હતા. **પૂ.મુનિશ્રી મહર્ષિરત્ન વિ.મ.** પાંચે દિવસ બાળકોને સાંભળી લીધા હતા. સંગીતકાર **ભવ્ય શાહે** પૂજા વગેરેમાં બાળકોને ભક્તિમય કર્યા હતા. સંચાલન સહાયક માટે હિંમતનગરથી **વિરાગ, તીર્થ, જય,** સંઘના યુવાનો તથા બહેનો આદિએ કાર્યક્રમો સુંદર રીતે સંભાળ્યા હતા. છેલ્લા દિવસે આઈ.પી.એલ.માં બાળકોના વાલીઓ પણ નિહાળવા પધાર્યા હતા. શિબિરાર્થીઓને શ્રીસંઘ તરફથી પ્રભાવના તથા લાભાર્થી પરિવારો તરફથી ૨૦૦ રૂા. ઉપરાંતની ગીફ્ટ આપવામાં આવી હતી.

**: લાભાર્થી પરિવારો :**

- **માતુશ્રી લતાબેન અમૃતલાલ શાહ (ખર્ડી) મુંબઈ**
- **શ્રી નયનાબેન હરેશભાઈ શાહ, વાસણા-અમદાવાદ**
- **શ્રી રાજેન્દ્રભાઈ, પ્રતિકભાઈ, અશોકભાઈ - બેંગ્લોર**
- **શ્રી અશોકભાઈ ચીનુભાઈ શાહ પરિવાર - અમ.**
- **નવકાર એપરલ.**

શ્રીસંઘના ટ્રસ્ટીશ્રી **રૂપેશભાઈ** તથા **સન્નીભાઈ**એ સુંદર સહયોગ આપી શિબિરની પૂર્ણાહૂતિ કરી હતી.

**મણીલક્ષ્મી તીર્થે** ઉપધાન તપની આરાધના યુવાહૃદય સમ્રાટ્ પૂ.આ.વિ.**હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્નો પૂ.ગણિશ્રી **યુગરત્ન વિ.મ.** તથા પૂ.મુનિશ્રી **યશોજયરત્ન વિ.મ.**ની નિશ્રામાં તા.૧ મેથી ઉનાળુ ઉપધાનની આરાધના સુંદર રીતે સંપન્ન થવા જઈ રહી છે. ઉપધાનમાં બાળકો - પુરુષો તથા બહેનોની સંખ્યા હતી. તા.૩૧ મે ના રોજ પ્રથમવારની માળનો કાર્યક્રમ પૂ.મુનિશ્રી **સોહમદર્શન વિ.**, પૂ.પં.શ્રી **હૃદયરત્ન વિ.મ.**, પૂ.પં.શ્રી **મૃગાંકરત્ન વિ.મ.** આદિ ઠાણા પધારતાં તેઓની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. દ્વિતીયવાર માળનો કાર્યક્રમ તા.૧૯ જૂનના યોજવામાં આવશે. સહુના ઉપધાનાદિ સુંદર રીતે નિર્વઘ્ને પૂર્ણ થયા હતા. **એલર્ટ હેનલ શાહ** - પેટલાદવાળાએ ઉપધાનની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં સહાય કરી હતી.

**આયોજક :**
**માતુશ્રી સુખીબાઈ હસ્તીમલજી ધોકા - થાણા**
**સંઘવી ચંચલબેન શાંતિલાલજી નાહર, બેંગ્લોર**
**સંચાલન :**
**એલર્ટ ગ્રુપ તથા બ્રાહ્મીસુંદરી ગ્રુપ ચરોતર**

## એલર્ટ ગ્રુપ દ્વારા વિવિધ એક્ટિવિટી









પૂજ્ય પં.શ્રીની નિશ્રામાં ન્યુ વાસણા ખાતે પર્યુષણ ટ્રેનીંગનું આયોજન

પૂ.ગુરુદેવના શિષ્યોની નિશ્રામાં ચાલી રહેલા ઉપધાનતપની પ્રથમ પૂર્ણાહુતિમાં ૧૦ આરાધકોની માળનો કાર્યક્રમ - મણીલક્ષ્મી તીર્થ - તા.૩૧-૫-૨૬



તલોદ ગ્રુપ દ્વારા બકરીઈદના દિવસે જીવદયાનું સુંદર કાર્ય




૩૧-૫-૨૬ના રોજ થયેલ માઈનોરીટી સેમીનાર




નવું પ્રકાશન 'મન્નહ જિણાણં' સજ્જાય આધારિત વિવેચનનો ભાગ ચોથો. ચારે ભાગો અમદાવાદ તથા માનસમંદિર ઑફિસેથી મળશે.



RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted on 16th of every month at Ahd. Unaccountable L1
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026

**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514